# <u>કપાસની ગુલાબી ઇયળનું સંકલિત વ્યવસ્થાપન</u>

કીટકશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારીના પ્રાધ્યાપક અને વડાશ્રી તથા સંશોધન નિયામકશ્રીની સંયુક્ત યાદી જણાવે છે કે દક્ષિણ ગુજરાતમાં કપાસની ખેતી કરતા ખેડૂતમિત્રોને કપાસના પાકમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ શરુ થયેલ છે. ગુલાબી ઈયળના કૂંદાની પાંખો સાંકડી અને લાંબી હોય છે. અગ્રપાંખો ઘાટા ભૂખરા રંગની અને કાળા ટપકા વાળી હોય છે. પશ્વપાંખોની નીચેની ધારો પીંછા જેવી હોય છે. પ્રથમ અને દ્વિતીય અવસ્થાની ઈયળો સફેદ રંગની જયારે પૂર્ણ વિકસિત ઈયળ ઈયળ ગુલાબી રંગની હોય છે. ગુલાબી ઈયળની માદા કૂદી છોડની કુમળી કળી કે ફૂલની નજીક તેમજ જીંડવાની પાંખડીઓની અંદરની બાજુએ છુટાછવાયા ઈંડા મુકે છે. ઈંડા સેવાયા બાદ નાની ઈયળો ફૂલ કળીઓમાં દાખલ થઇ રેશમી તાતણાઓથી ફૂલની પાંખડીઓ અંદરની બાજુઓને જોડી દેતી હોવાથી ફૂલ બરાબર ખુલતા નથી અને આવા નુકશાન પામેલા ફૂલો સમય જતા ખરી પડે છે જયારે ઈયળ લીલા જીંડવામાં બારીક કાણું પાડી અંદર દાખલ થયા બાદ બંધ થઇ જાય છે. ઈયળ જીંડવાની અંદર વિકસતા બીજ ખાય છે અને એક બીજથી બીજા બીજ સુધી જતા પોતાની હગાર બહાર કાઢે છે. પરિણામે, કપાસ બગડે છે. નુકશાન પામેલા જીંડવા અર્ધખુલ્લી હાલતમાં જોવા મળે છે. આ જીવાતનો ઉપદ્રવ કપાસની છેલ્લી અવસ્થા સુધી ચાલુ રહે છે. પરિણામે કપાસની ગુણવત્તામાં ઘટાડો થવાથી કપાસના ભાવ ઓછા મળે છે. આથી ખેડૂત મિત્રોને ગુલાબી ઈયળના વ્યવસ્થાપન માટે નીચે મુજબના પગલા લેવા જરૂરી છે.

<u>સંકલિત જીવાત વ્યવસ્થાપન</u>

- આગળના લીધેલ કપાસના પાકની કરાંઠીનો બાળીને નાશ કરવો.
- ઉનાળા દરમિયાન સિમેન્ટવાળા તળિયા પર બીજને પાતળા પટ્ટામાં પાથરીને સૂર્યપ્રકાશની માવજત આપવાથી તેમાં રહેલ સુષુપ્ત ઈયળોનો નાશ કરી શકાય છે.
- પાકમાં મોજણી માટે હેકટરે ચાર થી પાંચ પ્રમાણે ફેરોમોન ટ્રેપ ગોઠવવા.
- ખરી પડેલા જીંડવાઓનો નાશ કરવો.
- જરૂર જણાય તો રાસાયણિક નિયંત્રણ માટે કલોરપાયરીફોસ ૨૦ ઇસી ૨૦ મિલી અથવા મીથોમાઈલ ૪૦ એસપી ૨૦ ગ્રામ અથવા થાયોડીકાર્બ ૭૫ ડબલ્યુપી ૧૦ ગ્રામ અથવા ફેન્વેલરેટ ૨૦ ઇસી ૧૦ મિલી અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મિલી અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ એસજી ૩ ગ્રામ અથવા સાયપરમેથ્રીન ૧૦ ઇસી ૧૦ મિલી અથવા બાયફેન્થ્રીન ૧૦ ઇસી ૧૦ મિલિ અથવા ડેલ્ટામેથ્રીન ૧ % + ટ્રાયઝોફોસ ૩૫ % ૧૦ મિલી કીટનાશક દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી વારાફરતી છંટકાવ કરવો. (નોંધ: સીન્થેટીક પાયરેથ્રોઇડનો છંટકાવ ફક્ત બે વાર જ કરવો.)